શ્રી નવીન

કેસર કિશોર—નાટકનાં ગાયનો.

શ્રીમત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રીત
શ્રી દેશી નાટક સમાજને માટે

રચી પ્રસિદ્ધ કરનાર

ઝવેરી ડાહ્યાભાઈ ધોળસાજી
માજી સંસ્કૃત શિક્ષક મિશન હાઈસ્કુલ—અમદાવાદ

આવૃત્તિ ૧ લી.

મુંબઇ.
પારસી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું છે.
સંવત્ ૧૯૫૧—સને ૧૮૯૫.
કી. રૂ૦-૨-૦

શ્રી નવીન કેસર કિશોર નાટક.

ટુંક સાર.

અંક પેહેલો.

૧–વઢવાણના એક સાહુકારનો કિશોર નામે દિકરો સાવકી માતાના કંકાસથી કંટાળી ભાવનગર નાશી આવ્યો છે. નોકરીની શોધમાં ભટકે છે. એક પૂલ ઉપર પોતાની સ્થીતિનો શોક કરતો ઉભો છે. ભાવનગરના મકનજી નામે એક કંજુસ શાહુકારની કેસર નામે છોડી કેટલીક બીજી છોડીઓ સાથે ગમ્મત કરતી ત્યાં આવે છે. કેસર જરા આગળ જાય છે. પાણીમાં ડૂબે છે. કિશોર એકદમ તેને બચાવી લે છે. હોસ્પીટલમાં લઇ જવાની તૈયારી કરે છે. એવામાં એક મારતેમીયાં પોલીસ આવી રોકે છે. કિશોર તેને અટકાવી કેસરને હોસ્પીટલમાં મોકલી દે છે. પોતે ગેટ ઉપર જવાબ દેવા પોલીસ સાથે જાય છે.

૨–મકનજી ખરસેદજી દલાલને પોતાનો પરણવાનો વિચાર જાહેર કરે છે. ખરસેદજી પાકી ઉમરે પરણવાની ના પાડે છે. દામ લઈ કન્યા દેનાર લખમીચંદ આવે છે. બન્નેનો વિવાદ અને બેટીનો સોદો.

૩–ગેટ. જમાદાર. મકનજીનું કિશોરને ઇનામ. જમાદારનો જુલમ.

૪–સ્કુલના સ્ટુડન્ટો (વિદ્યાર્થીઓ.) ઇંગ્રેજી કેળવણીની ધુન. મકનજીનો દિકરો સુંદરલાલ તથા કિશોર. સુધારા સંબંધી કિશોરલાલનું વિવેચન.

૫–હોસ્પીટલમાં પોતાની સખી કંકુ સાથે કેસર. કિશોરનું આવવું. ઓળખાણ. પ્રથમ વિકાર. મકનજી તથા સુંદરલાલ પ્રવેશ. કિશોરને પારેખ તરીખે રાખવાની પેરવી. કેસર અને કિશોરનો ખાનગી સંબંધ.

૬–કંકુ તથા મિરાત નામે બે ઘર કામ કરનાર છોડીઓ. એમનો વિવાદ. મકનજીએ પાંચ હજાર ખાવા લઈ સાઠ વરસના સુરતી મગનચંદ વેરે કેસરને પરણાવવા કરેલા ઠરાવની સુચના. દામ માટે દિકરી વેચનારનો તિરસ્કાર.

૭–મકનજી તથા તેનો દિકરો સુંદરલાલ, ટપાલનો સિપાઈ. સુરતી મગનચંદનો કાગળ. કેસરનો વિવાહ. સુંદરલાલનો બાપ સાથે સંવાદ અને તિરસ્કાર. બ્હેનને મદદ કરવા નિશ્ચય.

૮–કેસરની ઉદાશી, કિશોરલાલનો દિલાસો આપવો.

૯–મકનજી કાકા અને રામો નોકર. નોકરને રજા આપવાની રીત.

૧૦–મકનજીનો ભાણેજ વિઠ્ઠલ. મકનજી મામા પાસે પાઈ માગવી. દાટેલા રૂપૈયા સંબંધી સુચના. સુંદરલાલ અને કેસરનું આવવું. મોતી નામે કન્યા સંબંધી વાતચીત. સુંદરલાલનો તેની સાથે લગ્ન કરવાનો વિચાર. મકનજીનો મોતીને પોતેજ પરણવા વિચાર જાહેર કરવો. સુંદરલાલનું ગભરાઈને ત્યાંથી જવું. કેસરને મગનચંદ સાથે પરણાવવાનો વિચાર જાહેર કરવો. બાપ દિકરીનો વિવાદ. કિશોર પારેખનું આવવું. પંચાત તેને ભળાવવી. બેનું મન મનાવવાને કિશોરલાલના ફાંફાં. કુતરૂં ભસવાથી મકનજીનું દાટેલા રૂપૈઆ સંભાળવા જવું. ખાનગી વાતચીત. મકનજી પ્રવેશ. કેસરને સમજાવવાનું કામ કિશોરને સોંપવું. ભાણા વિઠ્ઠલનો પ્રવેશ. મામાને વાત કરી દેવાની ધમકી. તેને મનાવવો. કેસર જીવતરનું અરપણ કિશોરને કરે છે.

અંક ૨ જો.

૧–સુંદરલાલને નાણાની જરૂર. દોસ્તદારો પાસે માગણી. દોસ્તદારોનો જવાપ. રામા નામે નોકર મારફતે કાંધીઆ સાથે કામ પાડવું. કાંધીઆની સરતો. દેવચંદ દલાલ સાથે મકનજીજ કાંધીઓ. બાપ ધીરનાર ને દિકરો ખત લખનાર. બાપદિકરાનો વિવાદ.

૨–સુદરલાલની બ્હેનને મદદ કરવા પહેલી તદબીર. મગનચંદનું ગાડીએ ઉતરતાંજ ફુરે ફુરે થવું. સુંદરલાલનો મેળાપ. કિશોરનું

મગનચંદ સાથે જુનું ઓળખાણુ કાઢવું. પોતાની સાથે ઉતારે રાખવા આગ્રહ.

૩—રામો અને કંકુ. મકનજીનું મોતી સાથે વેશવાળ મેળવી આપી ઈનામની આશા રાખનાર કંકુ. મોતી ગરબામાં. કંકુથી મેળાપ અને વાતચીત.

૪—મકનજી અને કંકુ. મોતી સંબંધી વાતચીત. કંકુની માગણી અને મકનજીનો આભાર માનવો.

૫—ડોકટરની ઓફીસ. કિશોર પારેખ. મગનચંદને ગાંડો ઠરાવી આ ડોકટરની દવા સારૂ મૂકવો. મગનચંદનું અનાડી ડોકટરના હાથમાં ફસાવું. ડાકટરોની તપાસ અને વિવેચન. મગનચંદનો ગભરાટ. છોકરાઓનો ઇગ્લીશ નાચ. મગનચંદનું નાશી છુટવું.

૬—મકનજીને ત્યાં મોતીને તથા તેના માબાપને જમવા તેડવું. શંકરીઓ રસોઈઓ.

૭—દરદી ગુમાવી બેઠેલો ડોકટર. સુંદરલાલથી મેળાપ. સુંદરલાલ બીજી યુકતીની પેરવીમાં. મકનજી અને ડોકટરનો મેળાપ. લગ્ન અટકાવવું. સુંદરલાલ ફિરંગી વેપારીને વેશે. મકનજીને દાટેલું ધન કાઢી જવાની ધમકી. મગનચંદની મુલાકાત. કેસરને વાઈનું દરદ છે તથા તે જીવતી ડાકયણુ છે એવો વ્હેમ ઘાલવો. મકનજી તથા મગનચંદની ભેટંભેટા. કેસર. સુંદરલાલની યુકતી. બે છોકરાં તથા એક બાયડી મગનચંદને વળગાડવી. મગનચંદનો ગભરાટ. મકનજીની મગનચંદ લુચ્ચો છે તથા ડાગળી ખશેલ છે એવી ખાતરી થવી.

૮—મોતી. મકનજીનું ઘર. મકનજીની વિંટી પરાણે સુંદરલાલ મોતીને આપે છે. મકનજીના આકળામણ. વિંટી સારૂ વિલાપ.

૯—કેસર અને કિશોર. મનના વિચાર.

૧૦—સુંદરલાલની મોતી સારૂ લાગણી. બાપ દિકરાનો મોતી માટે ટંટો. છોકરીઓનું સમજાવવું.

૧૧—રામો. મકનજીની દાટેલા દસ હજારની ચોરી. મકનજીની રોકકળ.

અંક ૩ જો.

૧–કેસર અને કિશોર.

૨–મગનચંદના ઉપર બાઇએ ધણી કબજે લેવા માંડેલી ફરીઆદ. મગનચંદની ન્યુસપેપરના એડીટર સાથે મુલાકાત.

૩–વકીલની હોફીસ. નવા અને જુંના જમાનાના વકીલ.

૪–જમાદાર અને મકનજીની ચોરીની તપાસ. શંકરીઓ. કિશોર પારેખને માથે ઢોળી પાડવુ

૫–કેસર અને કિશોરની અકળામણ. ધરમાંથી નાશી નિકળવા ઠરાવ. કિશોરનું મકનજીને જાહેર કરવા જવું.

૬–શંકરીઓ મકનજી અને કિશોર. આંધળે બ્હેરૂં કુટાવું. કેસસરના નાસવાના સમાચાર. પેટી અને બેટી બે જવાથી મકનજીનો ઉચાટ.

૭–સુંદરલાલની તદબીર. મગનચંદને ગભરાવી બૈરીને વેશે નસાડવાની પેરવી. મગનચંદ બૈરીને વેશે. કિશોરલાલ હાથી ભાથી અને સિપાઈ.

૮–શંકરીઓ અને કિશોર પારેખ. મગનચંદને માથે ઢોળી પાડવું. મકનજી. કેસર કિશોરને અને મોતી સુંદરલાલને પરણાવવાની કબૂલતે દસ હજાર પાછા આપવાનો કરાર. મગનચંદના ફજેતા.

૯–મોતી સુંદરલાલ અને કેસર કિશોરના લગ્ન. ધરડા વરના ફજેતા અને શિક્ષા. છેવટની ખુશાલી અને આનંદ.

श्री परमात्मने नमः॥

श्री नवीन केसर किशोरं

કિશોર— ૧

આવ્યો કેવો કઠણ સમય પ્રભુ, કોણ હું જાતે આવી ચડયો
નશીબ નાટકમાં નવીન વેશે, નાચ્યા સુદ્ધ બુદ્ધ ભૂલી—
વ્હાલાં હતાં તે વેગળાં બેઠાં, માથે પડી દુઃખ ભારી—
આભ ઊંચે ને નિચે ધરતી, હે પ્રભુ લેજે ઉધારી—

કિશોર— ૨

આજ કાલ થઇ ગઇ નોકરીઓ મહા મહા મુશકેલ અરે!
જ્યાં જોઇએ ત્યાં વગ સગ વગ, રાંક બિચારાં ભણી રહે છેવટ રખડી
ભણી ભણી ભણીને કહો શું કરવું, મનમાંહી મુઝાઈ હા રડવુ
અથડાઈ કુટાઈ અરે મરવું;
શું કરીએ નહિ પાઠ પઢયા ખુશામતનો પૂરી રીતે—આજ.
મોટા કે'શે છટ (૩) ભીખારી પેઠે ભટકાતાં કહેશે લોફર હઠ (૨)
ઘણી ઘણી ઘણી હોંશે હા ભણીઆ, સુખદુઃખ નહિ મનમાં ગણીઆ
પણ ઢોર હરાયુ હા બનીઆ. જગદીશ રાખજો લાજ
કદિ નહિ નોકરી કાજ પડે ફરવું—આજ.

કુમારીકાઓ ૩

સખી સુખ જગતમાં શું જાણીએરે
મન ગમતાથી મોજમાં માણીએરે
કંથ સાચો કિરતારરે સાહેલીઓ વાત અવર મૂકો વેગળીરે—સ.
પ્રમદા પુષ્પ ખીલાવવા, વાલમ ચતુર વસંત,

પરીમળ બ્હેકે પ્રેમની—કંથ—વાત.
અબળા નદી ઊમંગમાં, જોબન જળ કલ્લોલ,
પતિ સાગ્રર વિણ કયાં ભળે—કંથ—વાત.
પતિ પત્નિના પ્રેમનો, લીધો જેણે ન લ્હાવ,
ફોગટ ફેરા તેહનો—કંથ—વાત.

અરૂશેદજી— ૪

તોબા ઓ બાપ તારા વેસવાલને
વેસવાલને બાપ વેસવાલને—તોબા૦
માતીદો મરવાને સુંધે છે બોંય
પોરીના સૂખને કોઈ ન જોય

લખમીચંદ
મકનજી } તું કાં નાહક વલોણું વલોય—તોબા૦

બાપને તો દોરીઆની પરી ગરજ

ખરશેદજી—બેરી પયનાનો ખુદ્દાને મરજ
કોન ઓ બાપ સુને પોરીની અરજ—તોબા૦

જમદાર— ૫

I very good Bengalee Babu,
In Calcutta long time stop;
Ronzontonda is my name,
In Radha-bazzar I keep my shop.
Very good Hindus smoke my hookka,
Eat my dal bhat every day;
Brandy shery Mozel મિલેતો happy.
happy whole day hay. I

આઈ વેરી ગુડ બેંગાલી બાબુ
ધન કલકત્તા લોંગ ટાઈમ સ્ટેપ
રેન્ઝો ન્ટોન્ડા ધઝ માય નેઈમ
ધન રાધા બઝાર આઈ કીપ માય શોપ—આઈ૦
વેરી ગુડ હીંદુઝ સ્મોક માય હોક્કા
ઇટ માય દાલભાત એશીરે
બેંડી શેરી મોઝેલ મીલે તો હેપી હેપી હોસ ડે હે—આઈ૦

ડિચોર— ૬

નાદાનો કેરી દોસ્તી છે ખોટી—એ ટેક.
મધુર વચનમાં ફંદે ફસાવે, કાચા પડે જ્યાં કસોટી—નાદાનો૦
ધુતી ધુતી ધન ખાંતેથી ખાશે, છેવટ વળાવે લંગોટી—નાદાનો૦
વખત પડે જઇ વેગળા બેસે, સાચે બજાવે શીસોટી—નાદાનો૦

મકનજી— ૭

વાહ કેવી કળા (૨) વાતો લાંબીને હાથ ટુંકા—વાહ૦
પૈસે જગતમાં શિરોમણી, પૈસો એ સાચો ચિન્તામણી—વાહ૦
બણી આવેજ કાઢીએ પાઈ, વધે બધેજ એથી વડાઈ—વાહ૦

બચુ— ૮

Lovely lady, lovely, lady,
please have me a kiss,
It gives me Oh dear,
one thousand thousand bliss,
Dear blossom, my bosom friend come. (3)
near me, Shi-Shi-Shi never shall
I for get thee-Lovely.

લવલી લેડી લવલી લેડી પ્લીઝ હેવમી એ કીસ,
ધટ ગીવ્ઝ મી ઓહ ડીયર (૨) વન થાઊઝન્ડ થાઊઝન્ડ બ્લીસ,
ડીયર બ્લોસમ માય બુઝમ ફ્રેન્ડ કમ (૩) નીયર મી,
સીટ્-સીટ્-સીટ્- નેવર શેલ આઈ ફરગેટ ધી—લવલી૦

૯

વોટ નોનસન્સ કેવું હમ્બગ, જોતો નહિ રીઝન વ્હાય,
હે રાઈટ એન્ડ લેફ્ટ એબ્યુઝો, દારૂને લોકો કાંય;
ખાના પિના રહો મોઝે બસ ખર્ચો એવી પાઈ
આફટર ડેથ નન વુધલ ટેલ યુ કે જરા તો પી લે ભાઈ.
હાંસો બસ શેમ્પઇન (૨) બ્રાન્ડી શેરી ને મોઝેલ
સોડા આઈસ એન્ડ જીંજર એલ— હાંસો (૨)
બ્રાન્ડી શેરી ને મોઝેલમાં યાર ખરી મઝા.

કિશોર— ૧૦

નોનસન્સ નોનસન્સ બહુ બકરો, ડીયર ડીયર કહી ઠગશે,
કોટ પાટલુન માંહિ મરશે, છેવટ બબુચક બનશે—
પૈસાની કરશે કદર, આશામી બનશે સદ્ધર
ઊડાવી દેશે અદ્ધર, પોલં પોલા ભાઈ અંદર—
જોજો ઇંગ્રેજી કલમ, ખુશામત ખાસું મલમ
છીનાળામાં તો છલ્લમ, વહેવારે ટોલં ટોલં—

૧૧

કેસર—જીવતરનું અરપણ વ્હાલા અંતરથી ઇચ્છુંછું,
કિશોર—બદલો એવો કોઇ બાળા હું પણ હા માગુંછું,
કેસર—પરખી લઈ પૂરી પ્રીતી (૨) દાસી હું સ્વામીછું,
કિશોર—આધીન હું છું અલબેલી (૨)

કેસર—વેલી હું—
કિશોર—વૃક્ષ હું—
બન્ને—આજે તો મંગળ માળા પ્રીતેથી પેરૂંછું.

મિરાત-કંકુ— ૧૨

પાપ પુરવના જાણુવાંરે જેના લોભી માબાપ—
પૈસો લઇ જે દિકરી દીયે, દિકરીના દુઃખથી જરી ન બ્હીએ,
બાપ થઇ બેટી વેચેરે તે તો કસાઈ આપ—પાપ૦
બાળા બાર વરસની અનાથ, સાઠ વરસના બુઢા સાથ,
રે ફટ ફટ ફટ રે ફટ ફટ ફટ ધિક્કાર લોભી માબાપ-પા૦
દિકરી બીચારી ગરીબ ગાય સાસરીએ જાતાં રંડાય.
રે ફટ ફટ ફટ રે ફટ ફટ ફટ ધિક્કાર લોભી માબાપ-પા૦

સુંદરલાલ— ૧૩

ધિક્કારરે ધિક્કારરે માબાપ આવાને લાગો ધિક્કારરે.
ફરજનના સુખ કરતાં પૈસો પસંદ
રાજી રહે પૈસે
લાંબી લાંબી વાતે રચે ફસાવાના ફંદ—ધિક્કારરે.

કેસર— ૧૪

અરે દુનીઆમાં પ્રેમી કયાં,
બધે મતલબની યારી છે—અરે.
બિચારા કોઇક સાચા (હાં) પ્રેમીની તો ખુવારી છે—અરે૦
પોપટ જેમ પઢે જતો, અચરે અચરે રામ
મુરખ જન તેમજ બકે, પ્રેમ પ્રેમનું નામ
કયાં છે સાચો પ્રેમી તે, કયાં છે સાચી પ્યારી તે—અરે૦
પ્રેમી પ્યારી કરી મરે, પ્યારી મરે બીજાજ

પ્યારી પીયુ પીયુ કરી મરે, પ્યારા રઢીબાજ
ગયો સાચાનો વખ્ત (હાં) દગલબાજીની વારી છે—અરે૦
સાથે મરવું જીવવું, પ્રેમી તેનુંજ નામ
નવીન પ્રેમી પતંગીયું, બાળે દેહ તમામ
ભજે બેઠાં સુતાં પણ (હાં) પ્રેમીની તો બલીહારી છે—અરે૦

કેસર— ૧૫

રે પતિ ન મન ગમતો મુકાએ
જાય જીવ તો શું થાય બુઢો વર નહિ વરાય
હાથે ઝચડુ નહિ વેરાએ—રે પતિ૦
ખુબી પ્રેમ ગાંઠની ન સાઠે વરસે સમજાએ
કંપે કાયા લાળ ચુએ તે વરને શે પરણાએ
લાકલડે માકલડું જોડે તે તો નહિ જોવાયે
નાના જગની નિંદા માટે આખો ભવ નહિ બગડાએ—રેપતિ૦

રામો— ૧૬

ભાઇ જશને માથે જુતીરે આવ્યો સમય બહુ બુરો
ઢોંગી લેતા ધન ધુતી રે—આવ્યો૦
નાદાન બને છે દાના રે—આવ્યો૦
શત્રુ તેહેતુ ગણાણા રે—આવ્યો૦
કરે પાપ, જે અમાપ, મારે ધાપ, પડે છાપ
ધર્મીની જગમાં તેની રે—આવ્યો૦
ફાલી લે પ્હેલાં ફુંકી રે—આવ્યો૦
છેવટ જોતાં નહિ થૂંકી રે—આવ્યો૦
કરે વાત, ભલી ભાત મારે લાત, જગ તાત
તું સાચાનો એક બેલી રે—આવ્યો૦

પ૯૩૩

વિઠ્ઠલ— ૧૭

પૈસાની સઘળે ખૂબી ખરી—
બેઠે ઊઠે પૈસો પૈસો, હાલે પૈસા વિણ ન જરી—પૈસા૦
ઘોળો કુકો ભાળી બાળ પણ, ધોડયું આવે હરિ હરિ—પૈ૦
પેદા કરવું તો તો ઠરવું, નહિ તો જે શ્રીકૃષ્ણ હરી—પૈસા૦

કેસર— ૧૮

જીવ જતાં પણ જીવણુ તમને હું નહિ તજું રે
રાત દિવસ મનમોહન મૂરતી હું ભાવે ભજું રે—
કાયા કમળ આ રસ ભોગી કર અર્પું
જીવ આ જતાં, મન રમતા, પીયુ ન જતા
સદા રહે હૃદય વસતા—જીવ૦
લાગી દુશ્મન થઇને દશા પુંઠે

કિશોર—ધીર ધરતાં, જગકરતા, દુ:ખહરતા
બન્ને—સહાએ આવી જતાં—જીવ૦

અંક ૨ જો.

સુંદરલાલ— ૧૯

શી અજબ ખુબી પ્રેમ વિશે છે !
જીવ જતાં મન એક દિસે છે !—શી૦
રૂપ રંગ ગુણ કાંઇ જુએ નહિ
આંખ મીચી જન આપ ધસે છે—શી૦
મોર રસીક મન ચોર જુવોને
ઢેલ પાસે હરખાઇ ધસે છે—શી૦

રંભા સમ રૂપવંતી રાધિકા
કુટીલ કૃષ્ણુ જોઇ હૈએ હસે છે—શી૦
મુની જન નામે પાર ન પામે
પ્રીત કુન્દન કોઈ વીરલો કસે છે—શી૦

મોતી-સાહેલીઓ— ૨૦

ભાગ્ય તે જીવતીના જાણુવાંરે
સ્વામીનું, સુખ પામી, જામી જે, સાહેબા—
મન હર વર તણુા સાથમાં રે
રાગ રંગે, રમતી જમતી, હરતી ફરતી, સાહેબા—ભાગ્ય૦
મંદ પવનની લહેરમાં
તાળી દેતી, લેતી ભેટી, છેટી રહેતી, સાહેબા—ભાગ્ય૦
કંથ કુમુદથી કુમુદનીરે
હસ્તી ખીલતી, ખુશબો દેતી, ખુશ ખુશ કરતી, સાહેબા—ભા૦

મોતી— ૨૧

મનની મુઝામણુરે કયાં જઇ હું કહું રે ?
ચિતની ચિન્તાનો રે પાર નહિ લહું રે—
દુશ્મન હેતુ તે થાય અંતર હા અતિ અકળાય—મન૦
લાગે સાગરમાં લાય એ તે કેમરે હોલાય—મન૦

કંકુ— ૨૨

વ્હારે મકનજી મશાણી દેખી દયાની નિશાની
ખરે ખાનદાની હું તો ધરાઇ ગઇ—બાપ ધરાઇ ગઈ—
વાતો કીધી મોટી મોટી ખાલી કીધી મને ખોટી
કાઢી લીધી રે કસોટી દીધી રાતી ન પાઈ—વ્હારે મકનજી.
માન્યો આભાર—ખાલી અપાર

માન્યો આભાર-મને દેખી લાચાર
ગણ્યા પોતે પોબાર-કામ સાધી લઇ (૨) જ્હારે મકનજી૦

મગનચંદ ૨૩

ઘેલા સાલા ડીસે છે લોકો ટમામ
નઠી ડેખાડી કોઇમાં બુઠી નામ—
કરે હુરે હુરે કરે હુરે હુરે કરે હુરે હુરે—ઘેલા૦
વળી બોલીબી બોલે અજબ
ઇમાળું ઇમાળું ઇમાળું—ઘેલા૦

ડાકટર— ૨૪

Come follow, follow, follow, follow me
Oh no, no no, oh, lo go go-come
Good day hay hay I say, I pray-come.
Enjoy, oh coy
Maiden, ah, ah, ah, ah-come.
કમ ફોલો ફોલો ફોલો ફોલો મી
ઓ' નો, નો નો, ઓ', લો, ગો ગો—કમ૦
ગુડ ડે, હે હે, આઇ સે, આઈ પ્રે—કમ૦
એનજોય ઓ' કોય
મેઇડન, હે હે હે, હે—કમ૦

શાંકરીઓ— ૨૫

પાઇ ખરચે નહિ ને મ્હોટી વાત કરે
જુઓ રોફ કરે, ને ઊદાર ઠરે—પાઈ૦
ખાવા રોટલોને ખાટીશી છાશ છે
નહિ શાખ મળે, ઘી વિનાજ ચલે—પાઈ૦

પાઈ પાઈ કમાઈ કાકો ઘર ભરે
દુઃખે પેટ ભરે, હાય હાય કરે—પાઈ૦

સુંદરલાલ— ૨૬

ભાઈ સંપ સદા સુખદાઈ, સજન સજન રહે હળી મળી હેતે–સંપ.
દુઃખી દેખી સજન સંબંધી, મદદ કરે જે મનથી
જશ પામે તે જન આ જગમાં, કવિવર તસ ગુણ ગાએ–ભાઈ.
અદેખાઈ કે અભિમાનથી, જે નર રહેતા છેટે
નર રૂપે તે ખરજ સમજવા, થુ થુ જગમાં થાએ—ભાઈ૦

બે છોકરા— ૨૭

બાપા તમે આટલા દિવસ કયાં રહ્યા
બાપા તમ વિના અમે ભટકી મુંઆ—
બાપા બાપા બાપા બાપા બાપા બાપા બા
છોડું છોડું નહિ નહિ નાનાનાનાના—બાપા૦

મગનચંદ— ૨૮

મારૂં માર લાટો ચાર લુચ્ચી બોલ બોલ લગાર
અહિ આ વાર નહિ ટલબાર પામે સાર જોજે યાર
આવી વલગે જોની-કે'વું સાલુ કોને
ગલે પરૂ આ ગામ મઢે
ડગલે ડગલે ડસ ને બાર—મારૂં૦

મોતી— ૨૯

જુલમ શો બાળા પર આરે-હાંરે હા સજ્જનો—જુલમ૦
બાર વરસની બેટી માટે, સાઠ વરસનો વર શોધે
હરનિશનારી, રડતી કકળતી, વણ મો'તે મરતીરે—જુલમ૦

માત તાત લોભે લપટાય, કસાઇ કેરૂં કામ કરે
ગાય સરીખી, દિકરી હરખી, દે દુઃખમાં હોમીરે—જુલમ૦
ઘર લાયક જુવતી થઇ જ્યારે, વરતો મશાણમાંહિ સધારે
ધિક અવિચારી, માત હત્યારી, રે તાત અનાડી રે—જુલ૦

મોતી— ૩૦

કોને કહું હું ને શું કહું હું બાળા નિરાધાર
જેણે ઉછેરી, તે થયાં વેરી—કોને૦
આશા ડુબેછે, જીવ જુએછે, રોઇ રહેછે, થઇને છેક લાચાર—કો.
આવીને વ્હારે, કોણ ઉગારે—કોને૦
કસાઇએ ઘેરી, ગાય આ ઘેલી મારેછે ફેરી છુટવા વારંવાર—કો.

સુંદરલાલ-મોતી— ૩૧

ઘરડા વરનારે જોજો ફજેતીના ફાળકા
પરણ્યા હોંશેરે કન્યા મળી જાણે કાળકા,
હાલતાં છણકો, ચાલતાં છણકો, ગાળે વાત, મારે લાત
તોડી નાંખે તાલકાં રે—ઘરડા૦
કાકો સણધારી વહુ પાસે નિસર્યો રે
ચાલે ચાલ લટપટ, વહુ કહે છટ્ છટ્
જાજા ઘરડા ખખ, લાગે વખ, ખોખાખખડોકરારે—ઘરડા૦

કંકુ— ૩૨

નવ જોજો હો નણદીના વીરરે નાવલો નાનોરે
ચોરી ખાએ ઘરમાંથી ઘી ગોળ છાનોમાનો રે—
રમે પોતડી પહેરી લખોટીએ રોતો આવેરે
કરે મા........મા.........મા......રોતો આવેરે
વહુ ઘર જાય, પાટી સહાય, નિશાળે જાય, નાગો ના'ય—નવ૦

મકનજી— ૩૩

વીંટી મારી આગળીનો શણુગાર ગઈ બાપ (૩)
મળ્યો મને દિકરો હાય કુંભાર—ગઈ૦
વીંટી વિના ઘરમાં જુઓ અંધકાર
અલ્યા આખા ઘરમાં થયો અંધકાર—ગઈ૦

કેસર— ૩૪

હું સુખી કે દુ:ખી કદાપિ કોને એનો વિચાર ?
માહું લગાડું શાને હું મનમાં સ્વારથીઓ સંસાર—
આશા પરાઇ સદા નિરાશા, માનજે મનમોઝાર
પરઘર જાયા સમજે પોતાના એ મોટો અવિચાર—
માડી જાયો કોકજ જોજે, સદા રહે સહાયકાર
સુખમાં સંગાથી લાખો કરોડો, દુ:ખમાં એક કિરતાર—

કિશોર— ૩૫

જયમ જયમ ઘાણીએ તલ્લ પીલાશે તેલ નિકળશે તાજું
દુ:ખ ઘાણીએ પુરૂષ પીલ્યા વિણુ પ્રકૃતી પારખું કાચું
તાવ્યા વિણુ કહો સોનું સુરંગ પ્રકાશે—તાવ્યા૦

કેસર-કિશોર— ૩૬

નવ નવરંગે બહુ બહુ ઊમંગે રમશું સંગે રાતદિન
આશા ફળશે આપત ટળશે ધાર્યું થાશે ધન્ય ધન્ય૦

કિશોર—દિવસ દુ:ખના જાશે ઝટપટ
બન્ને—શ્રી જગદિશ્વરની સાહ્યે દુશમન પણુ પડશે પાએ
કિશોર—તું પ્યારી
કેસર—તમારી
દુ:ખે સુખે સાહ્યકારી

બન્ને—આજ છે આનંદ જયજયકાર
કેસર—પ્રેમી વચન મોતી વરસે ચોધાર
કિશોર—રસીલી છબીલી ! સ્નેહ અમરવેલી !
કેસર—પ્રેમે હું ડુબેલી, બાળા કાલી ઘેલી—નવ૦
સુંદરલાલ— ૩૭

કોઇ મારી વ્હાલી રંગીલીને લાવી દે
રંગીલીને લાવી દે છબીલી ભેટાડી દે—
લાયક બાળા એ બની છે સુંદર ચતુર સુજાણ
એ માનુની કારણે આ પ્રાણ કરૂં કુરબાન—કોઇ૦
ચતુર મનુષ્યને માનુની જો મળે ચતુર સરદાર
દુધ માંહિ સાકર ભળેને થાએ હરખ અપાર—કોઇ૦
પ્રવિણ પુરૂષને પ્રેમદા જો મળે મુરખ સરદાર
હેયા હોળી જનમની ને એળે ગયો અવતાર—કોઇ૦

૩૮

મકનજી—જાજા ગધેડા દિકરા, તારૂં કાળું કાળું ભુંડું મોઢું બાળ
સુંદર—બાંધી મુઠી બાપા લાખની, નથી ઉઘાડે માલ—બા૦
મકનજી—હવે બેશ, મર બેશ, લાલ સાબ, બેશ બેશ—
મકનજી— ૩૯

ગયું ગયું બાપ ગયું મારૂં સઘળું ગયું
થયું થયું બાપ થયું આજે મોતજ થયું
ઓ પોલીસ, ઓ ફોજદાર, કોઇ દોડોને યાર—ગયું૦
બાંધો આખું ગામ, મારો ગરદન તમામ—ગયું૦
ઓ બાપ—ઓમા—આય હાય—ગયું૦

અંક ૩ જો.

કેસર— ૪૦

નશીબે હા લખેલાં દુઃખ તે ટળે કોઇ કાળે !
બળું છું ભર ચોમાસે બિરહની લ્હાયની ઝાળે—નશીબે૦
વાલમ ચંદ્ર ચડી ગયો દૂર વિદેશ ગગન
પત્નિ પોયણું પૃથ્વીપર જોઇ જોઇ પટકે તન—નશીબે૦
મળવું કે મરવુ ચહું આડા રહ્યા અભાગ્ય
પાપી પ્રાણ જતા નથી નથી સુખનો લાગ—નશીબે૦
જે પેઠા પિયુ ચિત વિશે તે તો નવીન ચોર
જોવું ને રોવું રહ્યું કરમે આઠે પો'ર—નશીબે૦

કેસર— ૪૧

મળી પ્રીતમને ક્યારે મ્હાલુ લટક લટક
ચાલુ ધાલી ગળામાં હાથ ચટક ચટક—
આહા રંગીલી, રસીલી, છબીલી
મનહર, વરકર, પ્રીતરસ, પ્રેમે પીયું ઘટક ઘટક—મળી.
કહું આવો, જાઓ જાઓ, ન બોલાવો,
ઠગારા. ધુતારા:, કરી એમ ચાળા.
રિસાઇ મનાઇ રહું મોજે હું લટક સટક—મળી૦

કિશોર— ૪૨

ચાલો ઝડપ કરોરે રસીલી
સમો ફરી ન મળવો છબીલી
મોજે મહાલશું ને હરખે હાલશું, રંગે રમીશું રસીલી—સ૦
કેસર—સ્વર્ગ એ સ્વામી તો તો હું પામી
પ્રેમ જળે કળી રહી [illegible]લી—સમો૦

છાપાવાળો ૪૩

હું એડીટર છાપાવાળો રોશીનો સરદાર
સૌને દાબી પોકેટ ભરવામાં પૂરો તૈયાર
ધંધા હુનર માતર ઉપર ટીકાનો કરનાર
પાંચ ચોપડી પૂરી ભણ્યા વિણુ પંડીતમાં પોબાર.
સુધારાનો હું સાથી—અરે આહાહાહાહાહા—
ડરૂં ન કોઇનાથી—અરે આહાહાહા—
સૌને બતાવી ડર કરૂં હું ઘરતર
જુઓ હું એડીટર આ ફર્સ્ટ નંબર—હું એડીટર.
રાજાનો તો છું તાપ—અરે આહાહાહાહાહા—
તવંગરનો છું બાપ—અરે આહાહાહાહાહા—
આંગળીએથી ચીંધીને કુંચાડીનો કરનાર
નાક કદા પણુ ઘી ચટા બંદા નહિ વિસરનાર—હું એડી૦

૪૪

ડૉકટર—આજકાલ તો આવ્યો સુધારોબુટ પાટલુન કોટ વિશે-
નોનસન્સ નોનસન્સ યસ નોનો યસ કરતાં ઘરે ઘેરે દિસ-
વકીલ—બ્રાન્ડી બૉટલને બીસ્કીટમાં કેશી ડૉકટર સાબ મજા
લવ મેટરમાં કલેવરનેસ એ છે સુધારાનીજ ધજા—
ડૉકટર—ચટાક ચસ્મા છટાક સ્ટીકને ચેડયું ચેડયું બુટ કરે-વેલસર
મળે લગાવી ગલપટ્ટાને બે પોકેટમાં હાથ ધરે.
ડૉકટર—યસ ઑફ કોર્સ લુઝ વુઇ નથીંગ
વકીલ—ધેટ્સ ધ ફેશન ડીયર સર
ગુડ ઇવેલ ઓ ડૉકટર
ડૉકટર—ઊવેલ ઓ વકીલ

વકીલ-ડોકટર—ઘેટ ઊવીલ ડુ ગુડ મોર્નીંગ સર.

મકનજી— ૪૫

સાબાશ શંકરીઆ છે વ્હાતેં કીધું મોટું કામ
બસ બસ રાજી કરીશ હું તુજને આપી ખુબ ઇનામ—સા૦

શંકરીઓ—કેવી કરીને તાલમેલ મેં પકડી ચોરી શેઠ
જોજો મુકતા એ પારેખને પ્હોંચાડી દો ઠેઠ—કેવી૦

મકનજી—હવે ન મૂકું...........

શંકરીઓ—પણ ભાઇ સાહેબ ભૂખે દુઃખે પેટ

મકનજી—લે લે તાલી જમી આવ ઘેર

શંકરીઓ—વાહ મકનજી શેઠ—

કિશોર-કેસર— ૪૬

શાને હૈયા પાછું પડેછે ધિરજ રાખી જરી ધસને
ફરી વખત નહિ આવે આવો શાને રહેતું ડરી મૂરખડા
એ ભરોસે તારે પણ આશા શી ફળી
બસ મૂકી ઘેલછા બહાદુર પડ નીકળી
સીદ્ધ કાજ થશે તો દશા તારી છે વળી
ચાલ હવે ચિત વાર ન કરતું સંભારી તું હરિ ધસને—સં૦

કેસર— ૪૭

મનના મનમાં સમાય મનોરથ—મન૦
ચોરી ચડી નહિ હાથ દબાવ્યો
નખ દેઇ નહિ નેહ જણાવ્યો
કોડે નહિ કંસાર જમાયો—મન૦
નજર ચુકાવી નેન મીલાવી

સુંદર વરને હસી હસાવી
લ્હેર લગનની ભાગ્ય ન આવી—મન૦

કિશોર— ૪૮

પ્યારી થાયે શું ઉદાશ આવ હશી મારી પાસ,
તા'રી પૂરનાર આશ આ ઉભો હજુર
જોને ચાંદનીનો બ્હાર. થઇ શશી તૈયાર
તેડે રમવાને યાર, શું રહે તું દૂર—
ચાલ ઊઠ દિલદાર, વારૂ લગાડીને વાર
શું તું હેરાન કરનાર, થઇ હઠીલી ક્રુર
આવ્યો ભમરી ભમર, રસ લઇ સુંદર
ચાલ ચાલ તજી ડર, બન્યો ગાંડો ગંતુર—

શંકરીઓ— ૪૯

હાહાહાહાહા કેવી તાલ પડીરે કેવી તાલ!!!
બ્હાબ્હાબ્હાબ્હાબ્હા આહા હાલ ધડીરે હાલ હાલ!
થવું કિશોર પારેખનું કાટલું,
માથે ચડયું ચોરીનું માટલું,
બાકી રાખું હવે નહિ આટલું-ઓહોહોહોહોહો—કેવી૦
આવજો પારેખ રસોઇઆંને મારવા,
વળી હાલતાં ને ચાલતાં સતાવવા,
વળી સેજમહીં ચોરીઓ ચડાવવા-ઓહોહોહોહોહો-હા-કે૦

મકનજી— ૫૦

પેટી ગઇ ને બેટી ગઇ હવે કેમ જીવાશે-હાય હાય—
લાગી છે આખી આ દુનીઆમાં લ્હાય લ્હાય-હાય હાય—

ઇશ્વરને ઘેર પૂરો અન્યાય
કે મુજને કોઇ સહાય ન થાય
જાય જાય હાય હાય મારૂં જાય ઘર લુંટાય ભૂંડું થાય–હાયહાય.

મગનચંદ–– ૫૧

જે આવે તે કરતો વાત લેવાની બાઇ લેવાની
દમરી સારૂ દુનીઆ થઇ ગઇ દિવાની દિવાની
આતે સાલી કાંહાં જઇ વાત, કે'વાની કેવા'ની––
ફહેશે સાબ સલામ, કારો જલદી કામ
કીધું જો કાંઈ ઊંધું, તો દેખારે અંધું
ઢીલ કરી ટો પલમાં થાયે અસમાની સુલટાની
હાલટાં લાંચ ચાલટાં લાંચ લાંચીઓ હુશીઆર
સો મણુ ટ્રેલે અંધારૂં ટ સાચે અહિંજ જોવાની––

કિશોર–– ૫૨

શાબાશ છે તમને તમેજ સાચા ચતુરના સરદાર
રાજી કીધા સૌને બાઈ રચી પ્રપંચ અપાર

સુંદરલાલ––આ ખટપટીઆ કાળ વિશે છે, પ્રપંચીના પોબાર
ભલો જો થાય મેલો મરાય
ગોપીચંદન કરે ગાંઠનું વળી ગણાય ગમાર.

મકનજી–– ૫૩

વાહરે મગનચંદ પયણ્યા આહાહાહા
બૈરી તો પોતેજ બન્યા આહાહા

મગનચંદ––બસ કર બાપ બસ

મકનજી––લે પયણ્યાનો રસ

મગનચંદ—પયણું ન કોઇ દિવસ—ઠ રે૦

૫૪

મકનજી—વ્હા મગનચંદ વહા વ્હા વ્હા

મગનચંદ—ઠમો ભાઇ સાહેબ શું બોલોછો આહાહાહા

મકનજી—આવ ભાઇ હરખા આપણ બન્ને સરખા

મગનચંદ—ધયડે ઘડપણ નિકળ્યા પતના તેના આ ફજેતા

બન્ને—જાશે બુઢા જે પરણુવા ખાશે આમ ખતા--

બધા—બેશક બેશક બેશક.

જય જય જય જય રાય.

કેસર-મોતી--અતિ ઊમંગથી પામ્યા રૂડા પતિ

સુંદર-કિશોર--મત ગમતી મળી ગઇ સુંદરી

બધા--જય જય જય જય રાય--

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો મુકામ હોય ત્યાંથી અથવા અમદાવાદ તળપદમાં ગ્રંથકર્તા પાસેથી મળશે. માટે જેઓ સાહેબને જોઇતાં હોય તેણે રોકડી કિંમતથી મંગાવી લેવાં અગર વેલ્યુપેબલ પણ મોકલવામાં આવશે. નાટપેડ કાગળ રાખવામાં નહીં આવે.

	રૂ. આ. પા.
શ્રી સંગીત લીલાવતી (આવૃત્તિ ૩ જી)...	૦—૪—૦
સતી સંયુકતા નાટકના ગાયનો	૦—૨—૦
ભોજરાજ નાટકનાં ગાયનો...	૦—૨—૦
સુભદ્રાહરણ નાટકનાં ગાયનો	૦—૨—૦
વીર વિક્રમાદિત્ય નાટકનાં ગાયનો...	૦—૨—૦
રામ રાજ્યવિયોગ નાટકનાં ગાયનો	૦—૨—૦
કેસર કિશોર નાટકનાં ગાયનો	૦—૨—૦
બગતરાજ નાટકના ગાયનો...	૦—૨—૦
ઊર્વશી અપ્સરાના નાટકના ગાયનો	૦—૨—૦

ઝવેરી ડાહ્યાભાઇ ધોળશાજી

રચી પ્રસિદ્ધ કરનાર.

ઠે.—અમદાવાદ ડોશીવાડાની પોલ.